U.S. Small Business Administration

# લક્ષ્યાંકિત અને પૂરક એડવાન્સ વારંવાર પૂછાતા પ્રશ્નો

**અપડેટ કર્યું એપ્રિલ 27, 2021**

# લક્ષ્યાંકિત EIDL એડવાન્સ અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ વારંવાર પૂછાતા પ્રશ્નો

## અરજીની પ્રક્રિયા

1. **શું હું હાલમાં અરજી કરી શકું છું?**
અરજકર્તાઓએ તેઓ નવા લક્ષ્યાંકિત EIDL એડવાન્સ અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ બંને માટે અરજી કરવા SBA તરફથી આમંત્રણ આપતો ઇમેઇલ મેળવે ત્યાં સુધી રાહ જોવી અનિવાર્ય છે.

[*નોંધ:* કોવિડ-19 સંબંધિત ખોટ સંબંધિત વ્યાપારોએ જો ***આર્થિક હાનિ આપત્તિ લોન (EIDL)*** માટે અરજી ના કરી હોય તો, હજુ પણ તેના માટે તેઓ અરજી કરી શકે છે. *લોન પ્રોગ્રામ વિશે વધુ માહિતી અહીં શોધી શકાય છે* www.sba.gov/relief .]

2. **લક્ષ્યાંકિત EIDL એડવાન્સ અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ વચ્ચે શું તફાવત છે?**
   - **લક્ષ્યાંકિત EIDL એડવાન્સ** કઠીન સ્થિતિમાં સપડાયેલા નાના વ્યાપારો, નોન-પ્રોફિટ્સ અને સ્થળ માટે આર્થિક સહાયતા એક્ટ (આર્થિક સહાયતા એક્ટ) જણાવે છે કે, જે વ્યાપારોએ $10,000 કરતાં ઓછી રકમની અગાઉ એડવાન્સ લીધી હશે તેમને લક્ષ્યાંકિત EIDL એડવાન્સ માટે પ્રથમ પ્રાધાન્યતા આપવામાં આવશે, જે તેમણે પ્રાપ્ત કરેલી રકમ અને મહત્તમ $10,000 વચ્ચેનો તફાવત રહશે. તે વ્યાપારો અરજી પોર્ટલ પર આમંત્રણ માટેના ઇમલે પ્રાપ્ત કરનારો પ્રથમ સમૂહ રહેશે. દ્વિતિય પ્રાધાન્યતા સમૂહમાં એવા વ્યાપારો છે જેમણે ડિસેમ્બર 27, 2020 સુધીમાં EIDL સહાયતા માટે અરજી કરી હોય પરંતુ એડવાન્સ રકમ પ્રાપ્ત ના થઇ હોય. ખાસ કરીને, આંતરિક રેવેન્યૂ કોડની કલમ 45D(e) દ્વારા વ્યાપાર ઓછી-આવક સમુદાયમાં વ્યાખ્યાયિત હોવો આવશ્યક છે; માર્ચ 2, 2020થી 8 અઠવાડિયાના સમયમાં અગાઉના વર્ષની સરખામણીએ 30 ટકાથી વધારે આર્થિક નુકસાન વેઠ્યું હોવું જોઇએ અને તેમની પાસે 300 અથવા તેથી ઓછા કર્મચારી હોવા જોઇએ.
   - **પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ:** અમેરિકન રેસ્ક્યૂ પ્લાન એક્ટ સૌથી વધારે કઠીન સ્થિતિમાં મુકાયેલા નાના વ્યાપારો અને નોન-પ્રોફિટ સંસ્થાઓને $5,000ની પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ ચુકવણીની અનુમતિ આપે છે. જે અરજદારો પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ માટે ક્વોલિફાય થાય તેઓ વધારાના લાયકાત માપદંડ પૂરાં કરતા હોવા જરૂરી છે. ખાસ કરીને, આંતરિક રેવેન્યૂ કોડની કલમ 45D(e) દ્વારા વ્યાપાર ઓછી-આવક સમુદાયમાં વ્યાખ્યાયિત હોવો આવશ્યક છે; માર્ચ 2, 2020થી 8 અઠવાડિયાના સમયમાં અગાઉના વર્ષની સરખામણીએ 50 ટકાથી વધારે આર્થિક નુકસાન વેઠ્યું હોવું જોઇએ અને તેમની પાસે 10 અથવા તેથી ઓછા કર્મચારી હોવા જોઇએ. પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ એ લક્ષ્યાંકિત EIDL એડવાન્સની $10,000ની રકમ સિવાયની છે જેથી કુલ $15,000 થાય છે.

3. **SBA ક્યારે આ પ્રોગ્રામ માટે ઇમેઇલ આમંત્રણ મોકલવાનું શરૂ કરશે?**

SBA ફેબ્રુઆરી 1, 2021થી પ્રથમ એવા EIDL અરજકર્તાઓનો સંપર્ક કરવાનું શરૂ કરશે જેમણે પહેલાંથી જ આંશિક EIDL એડવાન્સ પ્રાપ્ત કરી હતી (દા.ત. $1,000 - $9,000 વચ્ચે). લાયકાતનું નિર્ધારણ કરવા અને દસ્તાવેજો સબમિટ કરવાની સૂચનાઓ સાથે SBA દ્વારા ઇમેઇલ મારફત સીધો જ અરજકર્તાઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, SBAએ એવા લોકોનો સંપર્ક કર્યો હતો જેમણે ડીસેમ્બર 27, 2020 પર અથવા પહેલા EIDL સહાય માટે અરજી કરી હતી, પરંતુ પ્રોગ્રામ ભંડોળની ઉણપનાં કારણે EIDL એડવાન્સ પ્રાપ્ત કરી ન હતી. તમામ અરજકર્તાઓ લાયકાતનું નિર્ધારણ કરવાની અને દસ્તાવેજો સબમિટ કરવાની સૂચનાઓ સાથેનો ઇમેઇલ SBA પાસેથી પ્રાપ્ત કરશે.

જો તમને આમંત્રિત કરતો ઇમેઇલ હમણાં તમને પ્રાપ્ત ના થયો હોય તો ચિંતા કરશો નહીં. અરજી કરવા માટેનું આમંત્રણ તમારા ઓરિજિનલ EIDL એપ્લિકેશન સાથે સંલગ્ન પ્રાથમિક સંપર્ક ઇમેઇલ એડ્રેસ પર મોકલવામાં આવશે.

**એપ્રિલ 21, 2021**થી શરૂ થઇ રહેલા પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ પ્રોગ્રામ માટે, SBA દ્વારા એવા વ્યાપારોને ઇમેઇલ આમંત્રણ મોકલવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે જેમણે લક્ષ્યાંકિત EIDL એડવાન્સ માટે અરજી કરી છે અને સંભવિત રીતે પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ માટે લાયક છે. આમંત્રણોમાં લક્ષ્યાંકિત EIDL એડવાન્સ પોર્ટલની લિંક સામેલ છે જ્યાં વ્યાપારો તેમની અરજીઓ દાખલ કરી શકે છે.

4. **જો મને ઇમેઇલ મળે તો, મારે કયા પગલાં લેવા જરૂરી છે?**

તમે જેમાં અરજી કરી રહ્યાં હોવ તે પ્રોગ્રામ (લક્ષ્યાંકિત EIDL અને/અથવા પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ) માટે લાયકાત માપદંડની સમીક્ષા કરો. તમે આ વારંવાર પૂછાતા પ્રશ્નોમાં "લાયકાત" વિભાગમાં પણ પ્રોગ્રામ માપદંડ શોધી શકો છો. ઉપરાંત, SBA દ્વારા વ્યાપર ઓછી-આવક સમુદાયમાં આવે છે કે નહીં તે નિર્ધારિત કરવા માટે વેબ-આધારિત મેપિંગ ટૂલ પણ તૈયાર કરવામાં આવ્યું છે. મેપિંગ ટૂલ **sbaeidl.policymap.com/app** પર ઉપલબ્ધ છે. અમે તમામ અરજદારોને તેમની અરજી સબમિટ કરતા પહેલાં આ ટૂલનો ઉપયોગ કરવા માટે ખૂબ જ પ્રોત્સાહિત કરીએ છીએ. જો તમારો વ્યાપાર તમામ ત્રણેય માપદંડો પૂરા કરતો હોય તો, અરજી કરવા માટેની સૂચનાઓનું પાલન કરો.

અરજી સબમિટ કરતા પહેલાં તમારા બેંક એકાઉન્ટની માહિતી બે-વાર ચકાસી લો તે ખૂબ જ મહત્વનું છે. ખોટી અથવા અધુરી માહિતીના કારણે તમારી વિનંતી મંજૂરી ના થઇ શકે અથવા તમારું ભંડોળ સફળતાપૂર્વક ના ચુકવાઇ શકે તેવી સંભાવના છે.

5. **જો મેં અગાઉ અરજી કરી હોય અને EIDL એડવાન્સ ફંડ્સની $10,000ની મર્યાદા કરતાં ઓછી રકમ પ્રાપ્ત કરી હોય તો, મારે ફરી અરજી કરવાની?**
**ના.** જેમને મહત્તમ $10,000 કરતાં ઓછી એડવાન્સ રકમ પ્રાપ્ત થઇ હોય તેવા EIDL અરજદારોનો SBA સીધો જ સંપર્ક કરશે. SBAનો ઇમેઇલ, લાયકાતનું નિર્ધારણ કરવા માટે SBA ને આવશ્યક માહિતી કેવી રીતે પ્રદાન કરવી અને કોઇપણ વધારાનાં અનુદાન ભંડોળ માટે દસ્તાવેજો કેવી રીતે સબમિટ કરવા તે વિશે વ્યાપારોનાં માલિકોને સૂચનાઓ પ્રદાન કરવા માટે સૂચનાઓ પ્રદાન કરશે.

6. **જો મેં EIDL એડવાન્સ અથવા લક્ષ્યાંકિત EIDL એડવાન્સ પ્રોગ્રામ માટે $10,000 પ્રાપ્ત કર્યાં હોય તો, શું હું હજું પણ પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ પ્રોગ્રામ માટે વધારાનું ભંડોળ મેળવી શકુ?**
**હા.** લાયકતા ધરાવતા પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ અરજદારો અગાઉ એડવાન્સ અથવા લક્ષ્યાંકિત EDIL એડવાન્સ પેટે મેળવેલી $10,000ની સંપૂર્ણ રકમ ઉપરાંત $5,000ની પૂરક ચુકવણી પ્રાપ્ત કરી શકે છે. જેઓ પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ માટે લાયક હોઇ શકે તેમનો SBA સીધો જ સંપર્ક કરશે.

7. **જો અગાઉ અસલ એડવાન્સ ભંડોળ પૂરું થઇ જવાના કારણે મારી અરજી નકારી કાઢવામાં આવી હોય તો મારે EIDL માટે ફરી અરજી કરવી જરૂરી છે?**
**ના.** SBA દ્વારા એવા અરજદારોનો સંપર્ક કરવામાં આવશે જેઓએ SBA COVID-19 EIDL ભંડોળ માટે ડિસેમ્બર 27, 2020 પહેલા અરજી કરી હતી અને તમામ ઉપલબ્ધ એડવાન્સ ભંડોળ ખાલી થઇ ગયું હતું તે કારણે કોઇપણ એડવાન્સ ભંડોળ પ્રાપ્ત કર્યું ન હતું. SBA દ્વારા લાયકાતનું નિર્ધારણ કરવા માટ� SBA ને આવશ્યક માહિતી કેવી રીતે પ્રદાન કરવી અને જરૂરી દસ્તાવેજો કેવી રીતે સબમિટ કરવા તેનાં પરની સૂચનાઓનો ઇમેઇલ કરવામાં આવશે.

8. **હું લક્ષ્યાંકિત EIDL એડવાન્સ અને/અથવા પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ માટે અરજી કરવા માટેનાં SBA નાં આમંત્રણની રાહ જોઇ છું, તે દરમિયાન અરજી કરવા માટે તૈયારી કરવા માટે હું શું કરી શકું છું?**
જો તમે હજું તમારું 2019 ફેડરલ ટેક્સ રીટર્ન ફાઇલ ન કર્યું હોય, તો તમારે તે પ્રક્રિયા પૂર્ણ કરવી જોઇએ. તમારે જાન્યુઆરી 2019 થી આજની તારીખ સુધીનાં સૌથી તાજેતરનાં મહિના સુધીનાં દરેક મહિના માટે બિઝનેસની માસિક એકંદર રસીદો પ્રદાન કરવાની પણ આવશ્યકતા રહેશે. આ માહિતીનો ઉપયોગ તમારો વ્યાપાર લક્ષ્યાંકિત EIDL એડવાન્સ માટે આવકમાં 30 ટકા ઘટાડાની જરૂરિયાત અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ માટે 50 ટકા ઘટાડાની જરૂરિયાત પૂરી કરે છે તે નિર્ધારિત કરવા માટે થશે.

9. **મારે ક્યાં દસ્તાવેજો પ્રદાન કરવાની જરૂર પડશે?**
જે અરજદારો ઓછી-આવક ધરાવતા સમુદાયનાં માપદંડ પૂર્ણ કરે છે, તેઓને લક્ષ્યાંકિત EIDL એડવાન્સ માટે આવકમાં 30 ટકા ઘટાડાની અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ માટે 50 ટકા ઘટાડાની આવકમાં ઘટાડાની પુષ્ટિ

કરવા માટે જાન્યુઆરી 2019 થી આજની તારીખ સુધીના￼ સમયગાળાનાં સૌથી તાજેતરનાં મહિના માટે એકંદર માસિક આવક પ્રદાન કરવા માટે કહેવામાં આવશે (પ્રાપ્ત થયેલી તમામ સ્વરૂપની માસિક આવક). અરજદાર વતી કરવેરાની માહિતીની વિનંતી કરવાની SBA ને અનુમતિ મળે તે માટે તેઓને IRS ફોર્મ 4506-T પર ઇલેક્ટ્રોનિક રીતે સહી કરવાની પણ જરૂર પડશે. વ્યાપારો માટે કરવેરાની ખરાઇની પ્રક્રિયાઓ અને આવશ્યકતાઓ યુ.એસ. પ્રદેશોમાં ભિન્ન હોઇ શકે છે.

10. **મારો બિઝનેસ યુ.એસ. પ્રદેશમાં આવેલો છે. અમારી પાસેથી SBA ને ક્યાં દસ્તાવેજોની આવશ્યકતા રહે છે?**
**વિર્જિન આઇલેન્ડ્સ, અમેરિકન સામોઆ, ગુઆમ, અને CNMI:** વ્યાપારોએ એપ્લિકેશન પોર્ટલ મારફત SBA ને ઇ-હસ્તાક્ષર કરેલ IRS ફોર્મ 4506-T પ્રદાન કરવું અનિવાર્ય છે.
**પ્યુર્ટો રિકો:** SBA દ્વારા અરજકર્તાને ઇમેઇલ મારફત આવશ્યક ફોર્મ્સ મોકલવામાં આવશે. કૃપા કરીને ફોર્મ્સ પૂર્ણ કરો અને તેઓને પાછા SBA ને મોકલો.

11. **હું મારી અરજીમાં મારી માહિતી (પત્રવ્યવહારનું સરનામું, ઇમેઇલ સરનામું, ફોન નંબર, બેંક એકાઉન્ટની માહિતી અને/અથવા EIN) અપડેટ કરી શકુ?**
**હા.** તમે જ્યારે તમારી અરજી સબમિટ કરો ત્યારે તમને આ માહિતી અપડેટ કરવાની તક મળશે. તમારી નીચે આપેલા દસ્તાવેજ/માહિતી પૂરી પાડવાની જરૂર પડી શકે છે. કૃપા કરીને નોંધી લેશો કે, જો SBA અધિકારીએ દસ્તાવેજ અથવા માહિતી માટે વિનંતી કરી હશે તો, અમે વિનંતી કરેલા દસ્તાવેજ અથવા માહિતી વગર અરજીમાં સુધારો કરી શકીશું નહીં.

12. **મેં મારી એપ્લિકેશનમાં ભૂલ કરી છે; હું ફરી મૂલ્યાંકન માટે વિનંતી કરી શકુ?**
**હા.** લક્ષ્યાંકિત EIDL એડવાન્સ અથવા પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ માટે નકારી કાઢવામાં આવેલી અરજીઓના ફરી મૂલ્યાંકન ઇચ્છતા અરજદારો TargetedAdvanceReevaluation@sba.gov પર ઇમેઇલ મોકલી શકે છે. SBA ભારપૂર્વક ભલામણ કરે છે કે, અરજદારો તેમની એપ્લિકેશન સબમિટ કરે તે પહેલાં તેની સંપૂર્ણ માહિતીની સમીક્ષા કરી લે.

13. **હું મારી એપ્લિકેશન સબમિટ કરું તે પછી મને પુષ્ટિકરણનો ઇમેઇલ પ્રાપ્ત થશે?**
**ના.** SBA તમારા પુષ્ટિકરણ પેજ પર જોવા મળતો સબમિશન નંબર સાચવી રાખવા માટે આપને ભારપૂર્વક પ્રોત્સાહિત કરે છે. વધુમાં, તમારું એપ્લિકેશન પોર્ટલ તમારા સબમિશનની સ્થિતિ દર્શાવી શકે છે.

14. **તમે લક્ષ્યાંકિત EIDL એડવાન્સ માટે અરજી કરી છે પરંતુ મને હજુ સુધી સ્થિતિ અપડેટ મળ્યું નથી [અથવા] મેં પોર્ટલમાં એપ્લિકેશન સ્થિતિ જોઇ નથી.**
લક્ષ્યાંકિત EIDL એડવાન્સ માટેની તમારી એપ્લિકેશન હજુ પણ પ્રક્રિયામાં છે. આમી અઠવાડિયાઓમાં તમને

એપ્લિકેશનની સ્થિતિ અંગે ઇમેઇલ પર સૂચના પ્રાપ્ત થશે. વિલંબ થવા બદલ અમે દિલગીર છીએ, પરંતુ અમે શક્ય હોય એટલી ઝડપે લક્ષ્યાંકિત EIDL એડવાન્સ માટેની વિનંતીઓની પ્રક્રિયા કરી રહ્યાં છીએ.

15. **મને મારા એકાઉન્ટમાંથી લૉક કરેલ છે. હું કેવી રીતે પ્રક્રિયા કરી શકુ?**
સૌથી પહેલા, તમારો પાસવર્ડ રીસેટ કરવાનો પ્રયાસ કરો, કારણ કે એકાઉન્ટ લૉક થવાનું સૌથી સામાન્ય કારણ આ છે.
જો તે કામ ના આપે તો, SBAના ગ્રાહક સેવા કેન્દ્રને 1-800-659-2955 પર કૉલ કરીને TargetedAdvance@sba.gov પર ઇમેઇલ કરીને તેમનો સંપર્ક કરો.

16. **મને પોર્ટલ પર મારું આમંત્રણ મળતું નથી/મારું આમંત્રણ કાઢી નાંખવામાં આવ્યું છે. મને SBA નવું આમંત્રણ મોકલી શકે છે?**
**હા.** બિઝનેસ માલિકો નવા આમંત્રણ માટે, SBAના ગ્રાહક સેવા કેન્દ્રને 1-800-659-2955 પર કૉલ કરીને TargetedAdvance@sba.gov પર ઇમેઇલ કરીને તેમનો સંપર્ક કરી શકે છે. કૃપા કરીને નોંધી લેશો કે આ પ્રક્રિયામાં થોડા વ્યાવસાયિક દિવસો લાગી શકે છે.

## ઓછી-આવક મેપિંગ ટૂલ (લક્ષ્યાંકિત EIDL એડવાન્સ અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ)

17. **હું ઓછી-આવક સમુદાયમાં છું કે નહીં તે કેવી રીતે જાણી શકાય?**
SBA પાસે વ્યાપર ઓછી-આવક સમુદાયમાં આવે છે કે નહીં તે નિર્ધારિત કરવા માટે ઉપયોગમાં સરળ એવું વેબ-આધારિત મેપિંગ ટૂલ છે. તે મેપિંગ ટૂલ **sbaeidl.policymap.com/app** પર ઉપલબ્ધ છે. અમે તમામ અરજદારોને તેમની અરજી સબમિટ કરતા પહેલાં આ ટૂલનો ઉપયોગ કરવા માટે ખૂબ જ પ્રોત્સાહિત કરીએ છીએ.

18. **જો મારે SBA વેબ-આધારિત ઓછી-આવક મેપિંગ ટૂલનો ઉપયોગ કરતી વખતે મદદની જરૂર પડે તો, કોઇ મને મદદ કરી શકે?**
**હા.** બિઝનેસ માલિકો આ ટૂલમાં દિશાસૂચન માટેની મદદ મેળવવા 1-800-659-2955 પર SBAના ગ્રાહક સેવા કેન્દ્રનો સંપર્ક કરી શકે છે.

19. **હું કેવી રીતે ઓછી-આવક મેપિંગ ટૂલ એપ્લિકેશનને વાંચી શકુ?**
ઓછી-આવક મેપિંગ ટૂલ ઉપયોગ કરવામાં ખૂબ સરળ છે. **sbaeidl.policymap.com/app** પર જાઓ અને મેપની ઉપર સર્ચ બારમાં તમારું સરનામું દાખલ કરો. શ્રેષ્ઠ પરિણામો માટે, સંપૂર્ણ સરનામું (શેરીનું સરનામું, શહેર, રાજ્ય અને ઝીપ કોડ) દાખલ કરો. જ્યારે સરનામું મળી જાય ત્યારે, પિન મૂકવામાં આવશે, જે નકશા પર તે સ્થિતિ દર્શાવે છે.

જો તમે ભૌતિક સરનામું (જેમકે. શેરીના સંપૂર્ણ સરનામના બદલે ગ્રામીણ રૂટ અથવા પી.ઓ.બોક્સ) શોધવા માટે અસમર્થ હોવ તો, તમે સ્થાન સર્ચ બારમાં ઝિપ કોડ દાખલ કરી શકો છો અને પછી વિસ્તારને ઝૂમ કરો. જેને "ઓછી-આવક સમુદાય" તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હોય તેવા વસ્તી ગણતરીના ટ્રેક્ટ્સને નકશા પર ઘેરા જાંબલી રંગથ� દર્શાવેલા છે.

જ્યારે નકશા પર સ્થાનની ઉપર ભ્રમણ કરતા હોવ ત્યારે, અંતર્ગત વસ્તી ગણતરી ટ્રેક્ટ્સ "ઓછી-આવક સમુદાય" તરીકે ઓળખી કાઢવામાં આવ્યા છે કે નહીં તેના આધારે ઇન્ફો બબલ "હા" અને "ના" દર્શાવશે. ચોક્કસ વસ્તી ગણતરી ટ્રેક્ટ વિશે વધુ માહિતી જોવા માટે, નકશા પર ક્લિક કરો. વિગતવાર ઇન્ફો બબલ લાયકાત (જેમકે, ગરીબી દર, મેટ્રો વિસ્તારના ટકા અથવા રાજ્ય વ્યાપી MFI તરીકે વસ્તી ગણતરી ટ્રેક્ટ સરેરાશ પારિવારિક આવક (MFI) વગેરે) નિર્ધારિત કરવા માટે વપરાતા અંતર્ગત સૂચકો બતાવશે

20. **ઓછી-આવક મેપિંગ ટૂલ અનુસાર, મારો વ્યાપાર ઓછી-આવક વિસ્તારમાં સ્થિત છે. ક્યારે મને મારું ભંડોળ મળશે?**

જે લાયક ઠરે તે વ્યાપારોને બે પ્રાથમિકતા સમૂહોમાં વિભાજિત કરવામાં આવી શકે છે. અરજકર્તાઓએ તેઓ નવા લક્ષ્યાંકિત EIDL અગ્રિમ માટે અરજી કરવા SBA તરફથી આમંત્રણ આપતો ઇમેલ મેળવે ત્યાં સુધી રાહ જોવી અનિવાર્ય છે. જે વ્યાપારોએ અગાઉ $10,000 કરતા ઓછી એડવાન્સ રકમ પ્રાપ્ત કરી હોય તેમને લક્ષ્યાંકિત EIDL એડવાન્સ માટે અરજી કરવામાં પ્રથમ પ્રાધાન્યતા આપવામાં આવશે અને એપ્લિકેશન પોર્ટલ પર આમંત્રણ પ્રાપ્ત કરનાર પ્રથમ સમૂહ તરીકે તેઓ હશે. દ્વિતિય પ્રાધાન્યતા સમૂહમાં એવા વ્યાપારો છે જેમણે ડિસેમ્બર 27, 2020 સુધીમાં EIDL સહાયતા માટે અરજી કરી હોય પરંતુ EIDL એડવાન્સ રકમ પ્રાપ્ત ના થઇ હોય. જે વ્યક્તિઓએ EIDL સહાયતા માટે ડિસેમ્બર 27, 2020 પછી અરજી કરી હોય તેમણે લક્ષ્યાંકિત EIDL એડવાન્સના સંદર્ભમાં નીતિમાં કોઇપણ ફેરફાર માટે નિયમિત ધોરણે sba.gov/relief તપાસતા રહેવું જોઇએ.

બંને કિસ્સામાં, ઓછી-આવક સમુદાયમાં સ્થિત હોય તે ઉપરાંતના ચોક્કસ માપદંડો પૂરાં કરવા આવશ્યક છે અને મહત્વપૂર્ણ છે કે, **જો તેઓ બધા માપદંડો પૂર્ણ કરતા હોય તો તેમણે લક્ષ્યાંકિત EIDL એડવાન્સ અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ માટે અરજી કરવી આવશ્યક છે** (માપદંડો વિશે વધારાની માહિતી માટે પ્ર. 2 જુઓ). **એપ્લિકેશન વગર એડવાન્સ ફંડની ચુકવણી કરવામાં આવશે નહીં.**

21. **ઓછી-આવક મેપિંગ ટૂલ અનુસાર, મારો વ્યાપાર ઓછી-આવક વિસ્તારમાં સ્થિત નથી. હું શા માટે લાયક નથી/આ ડેટા ક્યાંથી આવે છે?**

ઓછી-આવક સમુદાય લાયકાત માપદંડ યુનાઇટેડ સ્ટેટ્સ કોડ, કલમ 45D, પેટાફકરો (e)ના શીર્ષક 26 દ્વારા કાનુની રીતે નિર્ધારિત છે. જો વ્યાપાર આ કલમમાં રેખાંકિત કોઇપણ માપદંડમાંથી એક વસ્તી ગણતરી ટ્રેક્ટને પૂર્ણ કરતો હોય તો, તેને "ઓછી-આવક સમુદાય"માં ગણવામાં આવે છે.

તમામ 50 યુ.એસ. સ્ટેટ્સ, પ્યૂર્ટો રિકો અને ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયા માટે, ડેટા 2015-2019 યુ.એસ.માંથી લેવામાં આવ્યો છે. વસ્તી ગણતરી બ્યૂરોનો અમેરિકન સમુદાય સર્વે (ACS), જે વસ્તી ગણતરીઓની બહારની બાજુએ સૌથી અદ્યતન વસ્તી ગણતરી ટ્રેક્ટ ડેટા પૂરો પાડે છે તે દર 10 વર્ષે હાથ ધવામાં આવે છે.

22. **મને એવું ટૂલ/વેબસાઇટ/સ્રોત મળ્યો છે જેમાં મારો વ્યાપાર ઓછી-આવક સમુદાયમાં બતાવે છે પરંતુ તમારું ટૂલ તેની ના પાડે છે. શા માટે તે અલગ અલગ છે?**

SBA યુનાઇટેડ સ્ટેટ્સ કોડમાં રેખાંકિત કરવામાં આવેલી ઓછી-આવક સમુદાયની વ્યાખ્યાનો ઉપયોગ કરે છે જે ઉપર નોંધેલ છે (પ્ર. 20). SBA અમારા ઓછી-આવક મેપિંગ ટૂલનો ઉપયોગ કરીને ઓછી-આવક સમુદાયમાં તમારો વ્યાપાર સ્થિત છે કે નહીં તે નિર્ધારિત કરે છે, જે યુ.એસ.માંથી પ્રાપ્ત થયેલા ડેટાનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલું ટૂલ છે. વસ્તી ગણતરી બ્યૂરો અને તેના સર્વે.

23. **ઓછી-આવક સમુદાય ટૂલ માટે કયા ડેટાનો ઉપયોગ થાય છે?**

તમામ 50 યુ.એસ. સ્ટેટ્સ, પ્યૂર્ટો રિકો અને ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયા માટે, ડેટા 2015-2019 યુ.એસ.માંથી લેવામાં આવ્યો છે. વસ્તી ગણતરી બ્યૂરોના અમેરિકન સમુદાય સર્વે (ACS) જ્યાં સુધી અન્યથા સુચવવામાં ના આવે ત્યાં સુધી ઉપરોક્ત નિર્ધારણો કરશે. વસ્તી ગણતરી ACS દસવાર્ષિક વસ્તી ગણતરી બહાર સૌથી અદ્યતન વસ્તી ગણતરી ટ્રેક્ટ ડેટા પૂરો પાડે છે. 2015-2019 વસ્તી ગણતરી ડેટા યુ.એસ.દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો. ડિસેમ્બર 2020માં વસ્તી ગણતરી બ્યૂરો. અમેરિકન સામોઆ, ગુઆમ, ધ કોમનવેલ્થ ઓફ ધ નોર્ધન મારિઆના આઇલેન્ડ્સ અને યુ.એસ. વર્જિન આઇલેન્ડ્સમાં સ્થિત વસ્તી ગણતરી ટ્રેક્ટ્સ માટે ACS ડેટા ટ્રેક્ટ સ્તરે ઉપલબ્ધ નથી. આથી, 2010 દસવાર્ષિક વસ્તી ગણતરી ડેટાનો ઉપયોગ આ સ્થાનો માટે કરવામાં આવ્યો છે.

24. **મારી પાસે બહુવિધ વ્યાપાર છે; મને મારા દરેક વ્યાપાર માટે અનુદાન ભંડોળ મળશે?**

તેનો આધાર અન્ય લાયકાત માપદંડ પૂરાં કરવા ઉપરાંત, તમારા વ્યાપાર અનન્ય ફેડરલ કરવેરા ID નંબર/EINs સાથેની સ્વતંત્ર સંસ્થા છે કે નહીં તેના પર છે. વિશિષ્ટરૂપે, SBA વ્યાપાર સંસ્થાના આધારે પોતાની રીતે એપ્લિકેશન્સની સમીક્ષા કરે છે. દરેક વ્યાપાર સંસ્થા આપત્તિ સહાયતા માટે અરજી કરવા માટે લાયક છે. જો કોઇ વ્યક્તિ બે અલગ અલગ રીતે ચાલતી સહિયારી કંપની ચલાવતી હોય તો, તેઓ અન્ય લાયકાત માપદંડ પૂરાં કરે તે જરૂરી છે, જોકે તે વ્યક્તિને એક જ એડવાન્સ માટે લાયક ગણવામાં આવશે કારણ કે તે વ્યક્તિ એકમાત્ર માલિક (એક વ્યાપાર સંસ્થા) તરીકે અરજી કરી રહી છે.

25. **મારો વ્યાપાર ઓછી-આવક વિસ્તારમાં સ્થિત નથી. શું હું કોઇપણ રીતે અરજી કરી શકુ?**

વ્યાપારો સીધા જ લક્ષ્યાંકિત EIDL એડવાન્સ માટે અરજી કરી શકતા નથી; અરજીઓ ફક્ત એવા વ્યાપારો માટે જ ઉપલબ્ધ છે જેઓ વિશિષ્ટ માપદંડો પૂરાં કરે છે (વધ� વિગતો માટે જુઓ પ્રશ્ન 1 "હું હમણાં અરજી કરી શકુ?"). જોકે, કોવિડ-19 સંબંધિત ખોટ સંબંધિત વ્યાપારોએ જો **આર્થિક હાનિ આપત્તિ લોન (EIDL)** માટે અરજી ના કરી

હોય તો, હજુ પણ તેના માટે તેઓ અરજી કરી શકે છે. લોન પ્રોગ્રામ વિશે વધુ માહિતી અહીં શોધી શકાય છે www.sba.gov/relief.

## લાયકાત

26. **મેં EIDL સહાયતા માટે ઓરિજનલી અરજી કરતી હતી પછીથી મારો બિજનેસ ખસ્યો હતો. શું હું હજુ પણ લક્ષ્યાંકિત EIDL એડવાન્સ અથવા પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ માટે લાયક છુ?**
તમારા સરનામાની પુષ્ટિ કરવા માટે SBA સીધો જ તમારો સંપર્ક કરશે. જો તમારું સરનામુ બદલાયું હોય, તો સ્થળની પુષ્ટિ કરવા માટે SBA દ્વારા વધારાનાં દસ્તાવેજોની વિનંતી કરવામાં આવશે. એકવાર સ્થળની પુષ્ટિ થઇ જાય, પછી SBA દ્વારા નિર્ધારણ કરવામાં આવશે કે તે સ્થળ ઓછી-આવકવાળા સમુદાયની અંદર સ્થિત છે કે નહીં.

27. **નવા લક્ષ્યાંકિત EIDL અગ્રિમ માટે કોણ લાયક છે?**
લાયક થવા માટે, વ્યાપારો અને નોનપ્રોફિટ્સે નીચે દર્શાવેલી જરૂરિયાતો પૂર્ણ કરવી આવશ્યક છે:
    a. શીર્ષક 26 યુ.એસ. કોડ, કલમ 45D9e) દ્વારા વ્યાખ્યાયિત કર્યા અનુસાર ઓછી-આવક સમુદાયમાં હોય;
    b. માર્ચ 2, 2020થી 8 અઠવાડિયાના સમયગાળામાં અગાઉના વર્ષની સરખામણીએ 30 ટકાથી વધારે આર્થિક નુકસાન વેઠ્યું હોય;
    c. 300 અથવા ઓછા કર્મચારીઓ ધરાવતા હોય; અને
    d. EIDLs અનુસાર લાગુ પડતી અન્ય લાયકાત જરૂરિયાતો પૂરી કરતા હોય.

28. **પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ માટે કોણ લાયક છે?**
લાયક થવા માટે, વ્યાપારો અને નોનપ્રોફિટ્સે નીચે દર્શાવેલી જરૂરિયાતો પૂર્ણ કરવી આવશ્યક છે:
    a. શીર્ષક 26 યુ.એસ. કોડ, કલમ 45D9e) દ્વારા વ્યાખ્યાયિત કર્યા અનુસાર ઓછી-આવક સમુદાયમાં હોય;
    b. માર્ચ 2, 2020થી 8 અઠવાડિયાના સમયગાળામાં અગાઉના વર્ષની સરખામણીએ 50 ટકાથી વધારે આર્થિક નુકસાન વેઠ્યું હોય;
    c. 10 અથવા ઓછા કર્મચારીઓ ધરાવતા હોય; અને
    d. EIDLs અનુસાર લાગુ પડતી અન્ય લાયકાત જરૂરિયાતો પૂરી કરતા હોય.

29. **મેં ગયા વર્ષે EIDL માટે અરજી કરી છે પરંતુ એડવાન્સ માટેના બોક્સમાં ખરું ટીક કર્યું નથી અને અંતે EIDL ના લેવાનો નિર્ણય લીધો છે. મને હજ� પણ લક્ષ્યાંકિત EIDL એડવાન્સ માટે ધ્યાનમાં લેવામાં આવશે?**
હા. કાયદા અનુસાર SBAને મહત્તમ $10,000થી ઓછી EIDL એડવાન્સ રકમ પ્રાપ્ત કરી હોય તેવા વ્યાપારોને પ્રથમ પ્રાથમિકતા માટે ધ્યાનમાં લેવા જરૂરી છે. દ્વિતિય પ્રાધાન્યતા એવા વ્યાપારો માટે છે જેમણે ડિસેમ્બર 27, 2020

સુધીમાં EIDL સહાયતા માટે અરજી કરી હોય પરંતુ ઓરિજિનલ EIDL એડવાન્સ રકમ પ્રાપ્ત ના થઇ હોય. દ્વિતિય પ્રધાન્યતા સમૂહમાં એવા વ્યાપારો પણ સામેલ છે જેમણે એડવાન્સ માટેના બોક્સમાં ખરું ટીક ના કર્યું હોય.

30. **અમે 2019 ફેડરલ ટેક્સ રીટર્ન ફાઇલ નથી કર્યું. શું અમે હજુ પણ લાયક છીએ?**
ના, લક્ષ્યાંકિત EIDL અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ માટે લાયક થવા માટે તમારો વ્યાપાર આવકમાં ઘટાડાની જરૂરિયાતને પૂર્ણ કરે છે તેની પુષ્ટિ કરવા માટે IRS સાથે 2019 ફેડરલ ટેક્સ રિટર્ન ફાઇલ કરેલું હોવું જરૂરી છે. અરજદારોએ નોંધી લેવું જોઇએ કે, SBA દ્વારા ધ્યાનમાં લેવા માટે 2019 ફેડરલ ટેક્સ રિટર્ન IRS દ્વારા પ્રક્રિયા કરવાની જરૂર નથી; જોકે અરજદારે લક્ષ્યાંકિત EIDL અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ બંને માટે તેઓ ધ્યાનમાં લેવા તેના માટે 2019 ફેડરલ ટેક્સ રિટર્ન ફાઇલ કરેલું હોવું જરૂરી છે.

31. **શું કૃષિ ઉદ્યોગો (કૃષિ વ્યાપારો) નવા લક્ષ્યાંકિત EIDL અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ પ્રોગ્રામ માટે લાયક છે?**
**ના.** લક્ષ્યાંકિત EIDL એડવાન્સ હેઠળ, મોટાભાગના કૃષિ ઉદ્યોગો લાયક નથી. કૃષિ ઉદ્યોગોમાં ફૂડ અને ફાઇબરનાં કાનૂની ઉત્પાદન, રાન્ચિંગ, અને પશુધન પાળવા સાથે અને અન્ય તમામ ખેતીકામ અને કૃષિ સંબંધિત ઉદ્યોગોમાં સંલગ્ન વ્યાપારોનો સમાવેશ થાય છે (સ્મોલ બિઝનેસ એક્ટનાં સેક્શન 18(b) દ્વારા વ્યાખ્યાયિત થયા અનુસાર (15 U.S.C. 647(b)). જે નોન- કોવિડ EIDL માટે લાયક હોય તેવા કૃષિ ઉદ્યોગો પણ લક્ષ્યાંકિત EIDL અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ માટે લાયક છે. આમાં જળચર સંવર્ધન વ્યાપાર, કૃષિ સહકારી મંડળી અને છુટક નર્સરી સામેલ છે.

32. **અન્ય ક્યાં પ્રકારનાં વ્યાપારો લાયક નથી?**
ગેરલાયક વ્યાપારોનાં કેટલાક ઉદાહરણોમાં એવાનો સમાવેશ થાય છે જેઓ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, લોન પેકેજિંગ, સટ્ટાઓ, મલ્ટિ-લેવલ સેલ્સ વિતરણ, જુગાર, રોકાણ અથવા ઉધારી આપવામાં સમાયેલા હોય.

## પ્રોગ્રામનો માપદંડ

33. **શું મને મળે તે લક્ષ્યાંકિત EIDL એડવાન્સ અથવા પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ ભંડોળની પરત ભરપાઇ કરવાની જરૂર રહેશે?**
**ના.** કેર્સ એક્ટ હેઠળનાં એડવાન્સ ભંડોળની જેમ જ, આ એડવાન્સ રકમ પરત ભરપાઇ કરવાની જરૂર રહેતી નથી.

34. **મારો વ્યાપાર લક્ષ્યાંકિત EIDL એડવાન્સ અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ પ્રોગ્રામમાંથી કેટલું ભંડોળ પ્રાપ્ત કરી શકે?**
વ્યાપારો એડવાન્સ અને EIDL એડવાન્સ ભંડોળોમાં મહત્તમ $10,000 મેળવી શકે છે. તેમાં અગાઉ પ્રાપ્ત થયેલા કોઇપણ અગ્રિમ ભંડોળ વત્તા લક્ષ્યાંકિત EIDL અગ્રિમનો સમાવેશ થાય છે. ચોક્કસ લાયક વ્યાપારો પૂરક

લક્ષ્યાંકિત એડવાન્સ પ્રોગ્રામમાંથી વધારાના $5,000 પ્રાપ્ત કરી શકે છે.

35. **હું ભંડોળનો શેના માટે ઉપયોગ કરી શકું છું?**
લક્ષ્યાંકિત EIDL એડવાન્સ અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ ભંડોળનો ઉપયોગ કાર્યકારી મૂડી માટે અને આપત્તિ ન આવી હોત તો પૂર્ણ થઇ શક્યા હોત તેવા સામાન્ય ઓપરેટિંગ ખર્ચાઓ માટે કરી શકાય છે. તેઓમાં આરોગ્ય સંભાળ લાભો, ભાડા, સુવિધાઓ અને ફિક્સ-ઋણની ચૂકવણીઓ ચાલું રાખવાનો સમાવેશ થાય છે (પરંતુ તેટલા પૂરતું મર્યાદિત નથી).

36. **એકવાર SBA ને મારી માહિતી સબમિટ કરી દીધા પછી મારું ભંડોળ પ્રાપ્ત કરવામાં કેટલો સમય લાગશે?**
એકવાર SBA ને તમામ વિનંતી કરેલ દસ્તાવેજો પ્રાપ્ત થઇ જાય, પછી અમે માહિતી પર પ્રક્રિયા કરીશું અને બને તેટલા ઝડપથી કોઇપણ વધારાનાં ભંડોળ જારી કરીશું. SBA નો ધ્યેય પૂર્ણ કરેલી એપ્લિકેશન પ્રાપ્ત થયાનાં 21 દિવસોની અંદર તમામ વિનંતીઓ પર પ્રક્રિયા કરવાનો છે. તમામ અરજીનાં નિર્ણયોનો સંચાર ઇમેઇલ મારફત કરવામાં આવશે.

37. **મને માન્યતા મળી છે કે નહીં તે હું કેવી રીતે જાણી શકુ?**
જો તમારી વિનંતીને માન્ય કરવામાં આવી હોય તો, તમને ઇમેઇલ સૂચના પ્રાપ્ત થશે અને તમારી એપ્લિકેશનમાં તમે પૂરાં પાડેલા બેંક એકાઉન્ટમાં આપોઆપ રકમ જમા થઇ જશે. જો તમારી વિનંતી નકારી કાઢવામાં આવી હોય તો, તમને નકારી કાઢવાના કારણ સાથે ઇમેઇલ સૂચના પ્રાપ્ત થશે. કૃપા કરીને નોંધી લેશો કે, જો તમે લક્ષ્યાંકિત EIDL અને પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ બંને માટે અરજી કરી હોય તો, તમારી એપ્લિકેશન નકારવામાં આવે ત્યારે તમને અલગ અલગ ઇમેઇલ સૂચના પ્રાપ્ત થશે.

38. **મને મળતા લક્ષ્યાંકિત EIDL એડવાન્સ અથવા પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ ભંડોળને મારી પેચેક પ્રોટેક્શન પ્રોગ્રામ (પીપીપી) લોન માફીની રકમમાંથી બાદ કરવામાં આવશે?**
**ના.** અનુગામી કાયદાએ તે આવશ્યકતાને દૂર કરી દીધી છે.

39. **SBA દ્વારા "એકંદર આવક" કેવી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે?**
એકંદર રસિદોમાં અરજકર્તા બિઝનેસ માટે કોઇપણ સ્વરૂપમાં પ્રાપ્ત થયેલ અથવા કોઇપણ સ્રોતમાં ભોગવેલ તમામ રેવેન્યુ (સંસ્થાની એકાઉન્ટિંગ પદ્ધતિ અનુસાર) સમાવિષ્ટ થાય છે, જેમાં ઉત્પાદનોનાં વેચાણો અથવા સેવાઓ, વ્યાજ, ડિવિડન્ડ, ભાડાઓ, રોયલ્ટીઓ, ફી અથવા કમિશનોમાંથી રીટર્ન્સ અને એલાઉન્સ બાદ કરતા વધેલાનો સમાવેશ થાય છે.

40. **આ પ્રોગ્રામો વિશે વધારાનાં પ્રશ્નો સાથે વ્યાપાર માલિકોએ કોનો સંપર્ક કરવો જોઇએ?**
વ્યાપારના માલિકોને જ� લક્ષ્યાંકિત EIDL એડવાન્સ પ્રોગ્રામ અથવા પૂરક લક્ષ્યાંકિત એડવાન્સ પ્રોગ્રામ વિશે પ્રશ્નો હોય તો તેઓ SBA નાં ગ્રાહક સેવા કેન્દ્રનો 1-800-659-2955 પર સંપર્ક કરી શકે છે અથવા TargetedAdvance@sba.gov પર ઇમેઇલ મોકલી શકે છે.

**વધારે અપડેટ્સ અહીં પર ઉપલબ્ધ છે:**
**sba.gov/relief**